જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


તા.૧૮/૪/૨૦૧૫ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૭૫૮/૧૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી ૨૦ વ્યક્તિઓને ઝડપી, ૪૮ લીટર દેશી દારૂ, ૩૩ ઈંગ્લીશ દારૂ, ૩૬૦ બિયર ટીન અને ૧ કાયનેટીક કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી ૬૪ વ્યક્તિઓને ઝડપી ૧૯૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૫૯/૧૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૧૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ખુનઃ- સમાચાર યાદી નં.૭૬૦/૧૫

ચાંદખેડાઃ મેહુલ પ્રેમજીભાઈ ધોકીયા (રહે.ચામુંડાનગર જોગમાયા મંદિર પાસે મોટેરા) એ ચાંદખેડા પોલીસ સમક્ષ ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૪/૧૫ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પાડોશી આરોપી (૧)પ્રકાશ પુરૂષોત્તમભાઈ કોરીયા અને (૨) જ્યોત્સનાબહેન પુરૂષોત્તમભાઈ કોરીયા એ એઠવાડ નાખવા બબતે મેહુલના પિતા પ્રેમજીભાઈ (ઉ.વ.૫૦) સાથે બોલાચાલી થતા લાકડીથી તેમજ કપડા ધોવાના ધોકાથી પ્રેમજીભાઈને માર મારતા ગંભીર ઈજાઓ થતા પ્રેમજીભાઈનુ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાના કામે આરોપીઓને અટક કરી ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે કે દેસાઈ ચલાવે છે.

## બળાત્કારની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૭૬૧/૧૫

શાહપુરઃ શાહપુર વિસ્તારમાં રહેતી ૩૬ વર્ષની મહીલાએ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધવી છે કે મહીલાના પતિએ તા.૧૭/૪/૧૫ રાતના મહીલાની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો તેમજ સવારના ૭/૪૫ વાગ્યાના સુમારે શરીર સંબંધ બાંધવાની વાત કરતા મહીલાએ ના પાડતા તેના પતિએ ચપ્પુ ગરમ કરી ડામ આપવાની ધમકી આપી નિવસ્ત્ર કરી લુંગી અને દુપટ્ટા વડે મહીલાના હાથ-પગ અને મોઢુ બાંધી મહીલાના ગુપ્ત ભાગે મરચાની ભુકી નાખી ઘરનો દરવાજો બંધ કરી નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર એસ પટેલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

ઘરફોડ :- સમાચાર યાદી નં.૭૬૨/૧૫

દાણીલીમડાઃ રામસિંગ લક્ષ્મણસિંગ ભાટી (રહે.સમ્રાટનગર વિભાગ-૪ ઈસનપુર) એ તા.૧૬/૪/૧૫ નારોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૪/૧૫ રાતનાં ૯/૦૦ થી તા.૧૪/૪/૧૫ સવારનાં ૭/૦૦ વાગ્યા દરમ્યાન આદિતી ટેક્ષટાઈલ ઈંડસ્ટ્રીઝ પ્રા.લીમીટેડ કંપનીના ગોડાઉન નંબર-૮૨ ના દરવાજાનુ શટર તોડી અજાણી વ્યક્તિ ગોડાઉનમાં પ્રવેશ કરી ૧૫ હજાર મીટર કાપડ, ડી.વી.ડી.પ્લેયર અને રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- સાથે સફેદ રંગના ટેમ્પામાં ભરી ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર એમ વસાવા ચલાવે છે

ગાયકવાડ હવેલીઃ સરફરાજ એહમદભાઈ બોતાવાલા (રહે.સુબાખાનની ચાલી સાગર ફ્લેટ ચોથા માળ જમાલપુર) એ તા.૧૬/૪/૧૫ નારોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૪/૧૫ સવારના ૮/૦૦ થી રાતના ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૧૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર ડી ગોજીયા ચલાવે છે

ચોરીઃ- સમાચાર યાદી નં.૭૬૩/૧૫

નારણપુરાઃ ભુવનેશ્વર ચૈતન્યકુમાર ત્રિવેદી (રહે.વિનય એપાર્ટમેન્ટ મિરામ્બિકા રોડ નારણપુરા) એ તા.૧૭/૪/૧૫ નારોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૯/૪/૧૫ રાતના ૯/૧૫ થી ૯/૩૦ વાગ્યા દરમ્યાન ઘર નજીક પાર્ક કરેલ પોતાની ગાડીના દરવાજાનો કાચ તોડીને લેપટોપ કિમત રૂપિયા ૧૫,૦૦૦/-,સોનાનું પેન્ડલ કિમત રૂપિયા ૫,૦૦૦/-, રોકડ રૂપિયા ૭૦,૦૦૦/- તથા જરૂરી કાગળોની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.આર.ગઢવી ચલાવે છે.

સોનાનુ મંગલસુત્ર ખેચી તોડી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૭૬૪/૧૫

ઘાટલોડીયાઃ લીલાબહેન સોમાભાઇ દરજી (ઉ.વ.૫૩) (રહે. નિલમપાર્ક સોસાયટી ચિનમય ટાવર પાસે સુભાષ ચોક મેમનગર) તા.૧૭/૪/૧૫ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે ચિનમય ટાવર પાસે આવેલ ચાર રસ્તા નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ લીલાબહેનના ગાળામાંથી સોનાનુ મંગલસુત્ર કિમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ લીલાબહેન દરજીએ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી આર.જે ભગોરા ચલાવે છે.

અપમૃત્યુઃ- સમાચાર યાદી નં.૭૬૫/૧૫

શહેરકોટડાઃ અજયભાઈ કુલકુમાર રામ (ઉ.વ.૧૮) (રહે.રાઘવ ફિએશન પ્રા.લી.હનુમાનગર ઓમકાર મીલ સામે મેમ્કો) તા.૧૭/૪/૧૫ કલાક ૦૦/૨૦ વાગ્યાના સુમારે રાઘવ ફિએશન પ્રા.લી.હનુમાનગર ખાતે ફેકટરીમાં ગેસ કટીંગનુ કામ કરતા હતા ત્યારે દસ ફુટની ઉંચાઈએ થી પટકાઈ જતા શરીરે ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દખલ કરવામાં આવ્યા હતા. જયાં તા.૧૬/૪/૧૫ રાતના ૯/૦૫ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ડી ડી ડીંડોર ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)